Extra No. 405

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, OCTOBER 11, 2017/ASVINA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

***ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૫ અને ૧૭***
***ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૨ (૧)***
***ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ, ૧૯૭૯ના રુલ નં. ૧૮***

**માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર**

**અધિસુચન**

**ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ની સૂચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ**

**નં.એમબીએસઆઈઆરડીએ/ડીટીપીએસ/૧૩૯/૬૪૪૧ તા.૧૧/૧૦/૨૦૧૭**

માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ની કલમ૧૫ અને ૧૭ની, ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧) ની અને ધ ગુજરાત પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ ૧૯૭૯ના રૂલ નં.૧૮ ની જોગવાઈઓ અન્વયે વાંધા, સુચનો અને રજુઆતો મેળવવા માટે માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટીની ૫મી બોર્ડ બેઠક, તા.૨૨/૦૨/૨૦૧૭ ના ઠરાવ નં.૧ થી નિર્ણય લેવાયેલ છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ ની સૂચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રી માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપવા ઠરાવવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ નું ક્ષેત્રફળ ૧૪.૬૪ ચો.કી.મી (૧૪૬૪.૫૦ હેક્ટર) છે, જેમાં મોજે. સીતાપુર ગામ પૈકીની જમીનોનો સમાવેશ થાય છે.

એક્ટ, ૧૯૭૬ ની કલમ૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ તૈયાર કરવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઈડીબીના તા.૨૭/૦૧/૨૦૧૭ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એક્ટ, ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ તૈયાર કરવાનો ઈરાદો માંડલ-બેચરાજી ઓથોરીટીની તા.૨૨/૦૨/૨૦૧૭ ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૧ થી જાહેર કરેલ છે.

એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૧(૧) તથા કલમ ૪૧(૨) અને રૂલ્સ, ૧૯૭૯ ના રૂલ નં.૧૬ ની જોગવાઈ હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ તૈયાર કરવાના ઈરાદાની જાહેરાત તા.૨૭/૦૨/૨૦૧૭ ના અસાધારણ રાજ્યપત્ર ભાગ-૪ C ના વોલ્યુમ નં. LVIII પાના નં.૨૩-૧ થી ૨૩-૫ ઉપર તેમજ માંડલ-બેચરાજી ઓથોરીટીની હકુમતમાં બહોળો ફેલાવો ધરાવતાં ગુજરાતી વર્તમાનપત્રો (૧) સંદેશ અને (૨) દિવ્ય ભાસ્કરમાં જાહેર બહોળી પ્રસિદ્દિધ કરવામાં આવેલ છે.

રૂલ્સ, ૧૯૭૯ ના રૂલ નં. ૧૭ ની જોગવાઈ હેઠળ સદર સ્કીમ વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ ની કામચલાઉ દરખાસ્તની સમજણ આપવા, લોકમત અને સૂચનો મેળવવા સદર મીટીંગમાં હાજર રહેવા જમીન માલિકો / હિત ધરાવતી વ્યકિતઓના ઉપલબ્ધ સરનામે વ્યકિતગત નોટિસો દ્વારા તેમજ દૈનિક પત્રો દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરી તા.૧૩/૦૪/૨૦૧૭ નાં રોજ ઉમીયાવાડી, બેચરાજી, તા.બેચરાજી, જિ.મહેસાણા ખાતે મીટીંગ બોલાવવામાં આવેલ.

માંડલ-બેચરાજી ઓથોરીટીમાં ઉપલબ્ધ, મેળવેલ અને જમીન માલિકો દ્વારા રજુ કરેલ માહિતી આધારે, ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ ની કામચલાઉ દરખાસ્તની સદર મીટીંગોમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા, સમજણ અને માહિતી આપવામાં આવી.

સદર મીટીંગમાં હાજર રહેલા જમીન માલિકો / હિત ધરાવતી વ્યકિતઓ દ્વારા રજુ કરાયેલા આધાર/પુરાવા/વિગતો તેમજ કરાયેલા સુચનો/ રજુઆતો વિગેરે ધ્યાને લઈ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કિમ નં.૧ની મુસદ્દારૂપ સૂચિત દરખાસ્તો તૈયાર કરવામાં આવેલી છે.

એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને રૂલ્સ ૧૯૭૯ના રૂલ નં.૧૮ મુજબની જોગવાઈઓ અનુસાર યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારનો મુસદ્દો ઘડી જુદા-જુદા નકશાઓ, પત્રકો (એફ ફોર્મ, જી ફોર્મ, વિગેરે) સામાન્ય બાંધકામ નિયંત્રણ નિયમો, વિસ્તૃત અહેવાલ અને અન્ય જરૂરી તમામ સાહિત્ય તૈયાર કરાયેલ છે. જે માંડલ-બેચરાજી ઓથોરીટીની મુખ્ય કચેરી ગાંધીનગર મુકામે નીચેના સરનામે કચેરીના કામકાજ ના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે તથા સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરાયેલી છે. વધુમાં નકશાઓ અને જરૂરી વિગતો વેબસાઈટ http://dholerasir.com/whatsnew.aspx ઉપર મુકવામાં આવેલ છે.

આ જાહેર નોટીસ / અધિસુચન અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્દિધની તારીખથી ૧ માસની અંદર એટલે કે તા.૧૦/૧૧/૨૦૧૭ સુધીમાં આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨ ના મુસદ્દાથી અસર પામેલા વ્યકિતઓએ આવી યોજના અંગેના કોઈ વાંધા, સૂચનો અને રજુઆતો લેખિતમાં, નીચે દર્શાવેલ સરનામે, લખી જણાવશે તો માંડલ-બેચરાજી ઓથોરીટી એક્ટ, ૧૯૭૬ ની કલમ ૪૭ અને નિયમો, ૧૯૭૯ નાં નિયમ નં.૧૮ હેઠળ ગુણદોષનાં આધારે વિચારણામાં લેશે અને આખરી મુસદ્દો તૈયાર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઈડીબી) ને એક્ટ, ૧૯૭૬ ની કલમ ૪૮ (૧) તથા એક્ટ, ૨૦૦૯ની કલમ૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવશે. જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવા વિનંતી.

**કચેરીનું સરનામું :**

મુખ્ય કારોબારી અધિકારી, માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી,
બ્લોક નં. ૧૧/૧૨, ૩ જો માળ, ઉધોગ ભવન, સેકટર ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૭
ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૦૧૫૦-૨-૪, ફેક્સ નં. ૦૭૯-૨૩૨ ૪૮૪૪૩

**(સહી) અવાચ્ય,**
મુખ્ય કારોબારી અધિકારી,
માંડલ-બેચરાજી ઓથોરીટી

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.